# તાલુકા અને ગ્રામ્ય વિસ્તારના ઉદ્યોગ સાહસિકો માટે
# એગ્રીગેટર (ઓનલાઈન ડીલર) બનવા માટેની જાહેરાત, GAICની વેબસાઈટ માટે

ગુજરાત એગ્રો ઈન્ડસ્ટ્રીઅલ કોર્પોરેસન (ટૂંકમાં ગુજરાત એગ્રો અથવા GAIC) ગુજરાત ગવર્નમેન્ટની ૫૧ વર્ષ જૂની સંસ્થા છે. જેનો મૂળ હેતુ ખેતી અને ખેડૂત ઉપયોગી કાર્યો કરવા એ અંગે વસ્તુઓનું પ્રોડક્શન કરવું અથવા માર્કેટમાંથી મોટા જથ્થામાં સસ્તામાં ખરીદી ખેડૂતોને સસ્તામાં પોચાડવું.

ગુજરાત એગ્રો ઈન્ડસ્ટ્રીઅલ કોર્પોરેસન (ટૂંકમાં ગુજરાત એગ્રો અથવા GAIC) દ્વારા ઓનલાઈન માર્કેટ પ્લેટફોર્મ ઉભું કરીને ગ્રામ્ય અને તાલુકાના શિક્ષિત વેપાર સાહસીકોને; માત્ર મોટા શહેરમાં મળી શકે તેવી તક; પોતાના જ ગ્રામ્ય અને તાલુકા વિસ્તારમાં આપવા માટેનું એક ઓનલાઈન બીઝનેસ મોડેલ ઉભું કરી રહ્યા છે. આ વેપાર મોડેલને **Kevi Mart (કેવી માર્ટ)** તરીકે ઓળખવામાં આવશે.

જે સંપૂર્ણપણે મોબાઇલ એપ દ્વારા બીઝનેસ થઇ સકતો હશે અને એ પણ ખુબ ઓછા રોકાણથી શક્ય બનશે. સામાન્ય રીતે થતા વેપાર કરતા સંપૂર્ણ જુદું વેપાર મોડેલ હશે અને તે પણ પોતાના મોબાઇલમાં ગુજરાતી ભાષામાં તૈયાર કરેલ મોબાઇલ એપ દ્વારા હેન્ડલ કરી શકાતું હશે. આ વેપાર મોડેલમાં જોડાનાર વેપાર સાહસીકોને **એગ્રિગેટર** (અથવા ઓનલાઈન ડીલર) તરીકે ઓળખવામાં આવશે.

**"આ વેપાર મોડેલને Kevi Mart (કેવી માર્ટ) માં ખેતી અને ખેડૂત ઉપયોગી વસ્તુઓનું તેમજ સેમી અર્બન અને ગ્રામ્ય નાગરિકોને જરૂરી તમામ જીવન જરૂરિયાતની સસ્તુઓ સપ્લાઈ કરવામાં આવશે."**

**એગ્રિગેટર** (ઓનલાઈન ડીલર) બનવા માટેના ફોર્મ આ વેબસાઈટ ઉપર આપેલ નીચેની લીંક ઉપરથી મેળવી શકાશે. તેમજ **એગ્રિગેટર** (ઓનલાઈન ડીલર) બનવા માંગતી વ્યક્તિ દ્વારા પુછાતા સામાન્ય પ્રશ્નોના જવાબો માટેની લીંક પણ આ સાથે સામેલ છે.

ફોર્મમાં જરૂરી વિગતો ભરીને અમારા ઓથોરાઈઝ ફિલ્ડ ઓફિસર કે રિઝીઓનલ ઓફીસર ને કે રૂબરૂ ગાંધીનગર મુખ્ય કચેરીએ કે અમારી જિલ્લા કચેરીઓમાં તા. ૨૯-૨-૨૦૨૦ સુધીમાં રજુ કરી દેવાનું છે.

પ્રથમ ફેઝમાં મહેસાણા, સાબરકાંઠા, ગાંધીનગર, અમદાવાદ, અરવલ્લી, ખેડા, આણંદ, વડોદરા, ભરૂચ, સુરત જિલ્લાઓમાં **એગ્રિગેટર** (ઓનલાઈન ડીલર) નીમવાના હોયને તે જિલ્લાઓના ઉદ્યોગ સાહસિકો એ જ એપ્લાઇ કરવું.